**રજુ તારીખ : ૦૮/૦૭/૨૦૨૩**
**દાખલ તારીખ : ૦૮/૦૭/૨૦૨૩**
**ફેસલ તારીખ : ૦૭/૦૭/૨૦૨૬**
**અવધિ : ૦૨ વર્ષ ૧૧ માસ ૩૦ દિવસ**

===========================================

**આંકલાવ મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ : આંકલાવ.**

===========================================

**ફો. કેસ નં.૬૧૮/૨૦૨૩**
**આંક :– ૨૦**

**ફરીયાદી : શ્રી સરકાર**

**:: વિરુધ્ધ ::**

**આરોપી : ભરતભાઈ પરસોત્તમભાઈ મકવાણા**
રહે.ઈસરામા, ઈન્દિરા કોલોની, ખોડીયાર નગર આવાસ,
તા.પેટલાદ, જી.આણંદ

===========================================

**ગુન્હો : ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ.**

===========================================

**સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી એસ.કે.રાવલ**
**આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી એસ.આર.પરમાર**

===========================================

**-: ઠરાવ :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ મોજે આસોદર ચોકડી નજીક બોરસદ તરફ જવા રોડ ઉપર ઓમ રેસ્ટોરન્ટ નજીક પોતાની એસ.ટી.બસ નં.જી.જે.૧૮–વાય–૭૯૨૯ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે લઈ આવી એકદમ વળાંક લેતા પાછળથી આવતા મોટર સાયકલ નં.જી.જે.૨૩ બીઆર–૭૬૭૧ ના ચાલકને અથડાવી મોટર સાયકલ સાથે નીચે પાડી દઈ જમણા

હાથના ખભા નજીક હાંસળીમાં તથા જમણા પગના ઢીંચણ નીચવાસ ફ્રેકચર પહોં ચાડીતથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી તથા મોટર સાયકલને નુકશાન પહોંચાડી ગુનો કરેલ હોય, ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધેલ અને તપાસના અંતે ત.ક.અ.એ આ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મુલ્યે પુરી પાડવામાં આવેલી. આક્ષેપિત ગુના અંગે આરોપીની આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા, આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે સદરહું ઈન્સાફી કાર્યવાહીમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ નગીનભાઈ રાવજીભાઈ તળપદાની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |
| ૨. | સાહેદ કીરીટભાઈ મથુરભાઈ તળપદાની સોગંદ ઉપરની જુબાની | ૦૮ |
| ૩. | સાહેદ રાજેશભાઈ ગોરધનભાઈ પટેલ તળપદાની સોગંદ ઉપરની જુબાની | ૦૯ |
| ૪. | પોલીસ સાહેદ રાજેન્દ્રભાઈ દીતાભાઈ પાંડોરની સોગંદ ઉપરની જુબાની | ૧૪ |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૫ |
| ૨. | એફ.આઈ.આર. | ૧૬ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૪. | નગીનભાઈનું સારવાર સર્ટીફીકેટ | ૧૮ |

(૪) સદરહું કામે રેકર્ડ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરવા બાબતે આંક–૧૦ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ નહિં આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૪.૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.કે.રાવલ નાઓની દલીલો સાંભળી તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી એસ.આર.પરમાર નાઓની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) ઉપરોકત હકીકતે કેસના ન્યાયીક નિર્ણય અને નિકાલ સારૂં નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત છે.

**:: મુદ્ધાઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ મોજે આસોદર ચોકડી નજીક બોરસદ તરફ જવા રોડ ઉપર ઓમ રેસ્ટોરન્ટ નજીક પોતાની એસ.ટી.બસ નં.જી.જે.૧૮–વાય–૭૯૨૯ ની પુર ઝડપે અને ગફલતભરી રીતે લઈ આવી એકદમ વળાંક લેતા પાછળથી આવતા મોટર સાયકલ નં.જી.જે.૨૩ બીઆર–૭૬૭૧ ના ચાલકને અથડાવી મોટર સાયકલ સાથે નીચે પાડી દઈ જમણા હાથના ખભા નજીક હાંસળીમાં તથા જમણા પગના ઢીંચણ નીચવાસ ફેકચર પહોંચાડીતથા શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી તથા મોટર સાયકલને નુકશાન પહોંચાડી ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્ધાઓના મારા જવાબ નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

## :: કા ર ણો ::

➢ **<u>મુદ્દા નં.૧ અને ૨ :–</u>**

(૭) સદરહું કામે આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંક પણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરીયાદ પક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપો ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી નિ:શંકપણે સાબિત કરવા જોઈએ.

(૮) સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ તરફે આંક–૦૬ થી ફરીયાદી મહેશકુમાર રાવજીભાઈ પરમાર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન જણાવેલ છે કે,''તા.૨૬.૦૯.૧૮ નારોજ પેટલાદ એસ.ટી ડેપોમાં એસ.ટી.બસ નં. જીજે–૧૮–વાય–૭૯૭૨ માં પેટલાદથી સુરત રૂટની બસમાં કન્ડકટરી કરતા હતા અને ડ્રાયવર તરીકે ભરતભાઈ પરસોતમભાઈ મકવાણા બેઝનં.૧૩૦૨૦ હતા. બનાવના દીવસમાં સવારના પાંચ વાગે અમો એસ.ટી બસ લઈને પેટલાદથી સુરત ગયેલા સુરત થી પોણા બાર વાગે પરત આવવા નીકળેલા. આશરે સાંજના સાડા ચાર વાગ્યાના સમયમાં આસોદર ચોકડીએ પેસેન્જર ઉતારી ઓમ રેસ્ટોરન્ટ નજીક જતી વખતે વળાંક આવતા બસને વાળતા અમારી એસ.ટીની પાછળના ભાગે ડ્રાયવર સાઈડમાં એક મો.સાઈકલ ચાલક અમારી બસને ઓવરટેક કરવા જતા અમારી બસને અથડાઈ જતા નીચે પડી જતા ડ્રાયવર ભરતભાઈએ બસ ઉભી રાખી નીચે ઉતરી જોતા મો.સાઈલવાળાને જમણા પગે તથા જમણા હાથે અને શરીરે વતા ઓછા પ્ર માણમાં ઈજાઓ થયેલી. આ મો.સાઈકલનો નંબર મે જોતા જીજે–૨૩–બી.આર–૭૬૬૧ હતો. ત્યારબાદ ભેગા થયેલ માણસોએ ૧૦૮ બોલાવી મો.સાઈકલવાળાને બોરસદ સારવાર માટે રવાના કરેલ. આ બાબતે અમારા એસ.ટી

ડ્રાયવર ભરતભાઈએ આંકલાવ પો.સ્ટેમાં ફરીયાદ આપતા પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપી ભરતભાઈને જોયે ઓળખુ છુ. આજરોજ કોર્ટમાં હાજર છે.''

(૮.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું ફરીયાદીએ ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

(૮.૨) સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે આરોપી અમારી સાથેના બસ ડ્રાયવર હોય જેથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે વાસદથી બોરસદના રોડનું કામ ચાલતુ હતુ. એ વાત ખરી છે કે કામ ચાલતુ હોવાથી તે રોડ ઉપર ઘણા બધા ડાયવર્ઝન આપેલા હતા. એ વાત ખરી છે કે બધા ડાયવર્ઝન આપેલા બસની સ્પીડ ધીમી હતી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ઘણાબધા વાહનોની અવર જવર ચાલુ હતી. એ વાત ખરી છેકે બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહી.''

(૯) ફરીયાદપક્ષ તરફે આંક–૦૭ થી સાહેદ નગીનભાઈ રાવજીભાઈ તળપદા નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,'' બનાવ આજથી આશરે ૭–૮ વર્ષ પહેલા સાંજના ૪ થી ૫ વાગ્યાના સમયમાં આસોદર બોરસદ રોડ ઉપર ઓમ રેસ્ટોરન્ટ પાસે બનેલો. બનાવમાં હુ મારુ મો.સા. નં. જીજે–૨૩–બી.આર–૭૬૬૧ લઈ મારુ કામ પતાવી બોરસદ તરફ જતો હતો ત્યારે એક એસ.ટી બસ આગળ જતી હતી અને હું પાછળ હતો તે વખતે મારુ મો.સા તે એસ.ટી બસને જમણી સાઈડે અથડાઈ જતા હું નીચે પડી ગયેલ. મને જમણા હાથના ખભાની હાંસળીમાં તથા જમણા પગના ઢીંચણમાં ઈજા થતા લોહી નીકળેલ. માણસો ભેગા જઈ જતા ૧૦૮ માં મને બોરસદ મારૂતી હોસ્પી. લઈ ગયેલા ત્યાં મને ફ્રેકચર થયેલાનું ડોકટરે જણાવેલ. આ અકસ્માત કેવી રીતે થયેલો તેની

મને ખબર નથી. એસ.ટી બસનો નંબર મને ખબર નથી. એસ.ટીના ડ્રાયવરને મે જોયેલ નથી કે હું ઓળખી શકુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો.'

(૯.૧) તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

(૯.૨) સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે અકસ્માત કરનાર એસ.ટી બસના ચાલકને અમોએ જોયેલ નહી.''

(૧૦) ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ થી સાહેદ કીરીટભાઈ મથુરભાઈ તળપદા નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે ૭–૮ વર્ષ પહેલા સાંજના ૪ થી ૫ વાગ્યાના સમયમાં આસોદર બોરસદ રોડ ઉપર ઓમ રેસ્ટોરન્ટ પાસે બનેલો. બનાવમાં હું મારા ઘરે હતો તે વખતે મને ફોનથી જાણવા મળેલ કે નગીનભાઈ તેમનું મો.સા. નં. જીજે–૨૩–બી.આર–૭૬૬૧ લઈ તેમનું કામ પતાવી બોરસદ તરફ જતો હતો ત્યારે એક એસ.ટી બસ આગળ જતી હતી અને નગીનભાઈ પાછળ હતા તે વખતે તેમનું મો.સા તે એસ.ટી બસને જમણી સાઈડે અથડાઈ જતા નગીનભાઈ નીચે પડી ગયેલ. તેમને જમણા હાથના ખભાની હાંસળીમાં તથા જમણા પગના ઢીંચણમાં ઈજા થતા લોહી નીકળેલ છે તેવુ જાણતા હું બનાવવાળી જગ્યાએ ગયેલ. માણસો ભેગા જઈ જતા ૧૦૮ માં નગીનભાઈને બોરસદ મારૂતી હોસ્પી. લઈ ગયેલા ત્યાં મને ફ્રેકચર થયેલાનું ડોકટરે જણાવેલ. આ અકસ્માત કેવી રીતે થયેલો

તેની મને ખબર નથી. એસ.ટી બસનો નંબર મને ખબર નથી. એસ.ટીના ડ્રાયવરને મે જોયેલ નથી કે હું ઓળખી શકુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો.''

**(૧૦.૧)** તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

**(૧૦.૨)** સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે અકસ્માત કરનાર એસ.ટી બસના ચાલકને અમોએ જોયેલ નહી.''

**(૧૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૦૯ થી સાહેદ રાજેશભાઈ ગોરધનભાઈ પટેલ નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,''બનાવ આજથી આશરે ૭–૮ વર્ષ પહેલા સાંજના ૪ થી ૫ વાગ્યાના સમયમાં આસોદર બોરસદ રોડ ઉપર ઓમ રેસ્ટોરન્ટ પાસે બનેલો. બનાવમાં હું મારા ઘરે હતો તે વખતે મને કીરીટભાઈ ધ્વારા જાણવા મળેલ કે નગીનભાઈ તેમનું મો.સા. નં. જીજે–૨૩–બી.આર–૭૬૬૧ લઈ તેમનું કામ પતાવી બોરસદ તરફ જતો હતો ત્યારે એક એસ.ટી બસ આગળ જતી હતી અને નગીનભાઈ પાછળ હતા તે વખતે તેમનું મો.સા તે એસ.ટી બસને જમણી સાઈડે અથડાઈ જતા નગીનભાઈ નીચે પડી ગયેલ. તેમને જમણા હાથના ખભાની હાંસળીમાં તથા જમણા પગના ઢીંચણમાં ઈજા થતા લોહી નીકળેલ છે તેવુ જાણતા હું બનાવવાળી જગ્યાએ ગયેલ. માણસો ભેગા જઈ જતા ૧૦૮ માં નગીનભાઈને બોરસદ મારૂતી હોસ્પી. લઈ ગયેલા ત્યાં મને ફ્રેકચર થયેલાનું ડોકટરે જણાવેલ. આ અકસ્માત કેવી રીતે થયેલો

તેની મને ખબર નથી. એસ.ટી બસનો નંબર મને ખબર નથી. એસ.ટીના ડ્રાયવરને મે જોયેલ નથી કે હું ઓળખી શકુ નહી. પોલીસે મારો જવાબ લીધેલો.''

**(૧૧.૧)** તેઓએ ફરીયાદપક્ષને સંપૂર્ણપણે સમર્થનકારક જુબાની આપેલ ન હોવાથી ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ જાહેર કરવાની પરવાનગી માંગી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા પરવાનગી આપતા તે અન્વયે પુછવામાં આવેલ પ્રશ્નો અન્વયે પણ સદરહું સાહેદે ફરીયાદપક્ષને સમર્થન કારક હકીકતો જણાવેલ નથી.

**(૧૧.૨)** સદર સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મે જોયેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવ કોની બેદરકારી થી બનેલો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે અકસ્માત કરનાર એસ.ટી બસના ચાલકને અમોએ જોયેલ નહી.''

**(૧૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૪ થી પોલીસ સાહેદ રાજેન્દ્રભાઈ દીતાભાઈ પાંડોર નાઓની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલ છે, તે અન્વયે તેઓએ સરતપાસ દરમ્યાન તેઓએ જણાવેલ છે કે,'' ગઈ તા.૨૬.૦૯.૨૦૧૮ નારોજ અમો આંકલાવ ખાતે એ.એસ.આઈ તરીકે ફરજ ઉપર હતા અને આંકલાવ પો.સ્ટે.માં પી.એસ.ઓ ના ચાર્જમાં બેસેલ હતા. તે વખતે ગુજરાત રાજય વાહન વ્યવહાર પરીવહન નિગમ (એસ.ટી) ના ડ્રાયવર ભરતભાઈ પરસોતમભાઈ મકવાણાનાઓએ મારી રૂબરૂ આવી હકીકત જણાવેલ કે તેઓ બનાવના દીવસે પોતાની એસ.ટી બસ લઈને નીકળેલા ત્યારે બોરસદ બાજુ એક મો.સા સાથે અકસ્માત થયેલ અને તેઓને ઈજા થયેલ તેવી હકીકત જણાવતા અમોએ વિગતવારની ફરીયાદ નોંધી એસ.ટી ડ્રાયવર વિરુધ્ધ આંકલાવ પો.સ્ટે.ફ.ગુ.રનં. ૭૦/૧૮ થી ઈ.પી.કો કલમ ૩૩૭, ૩૩૮ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ એ.એસ.આઈ બચુભાઈ નગીનભાઈને સોંપી આપેલ. મને ફરીયાદ તથા એફ.આઈ.આર બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી ભરતભાઈની તથા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૧૫ તથા ૧૬ આપવામાં આપવામાં આવે છે. આરોપી ભરતભાઈને જોયે ઓળખુ છુ આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.''

(૧૨.૧) સદર પોલીસ સાહેદની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન જણાવેલ છે કે,'' એ વાત ખરી છે કે અમોએ ફરીયાદ સિવાય કોઈ હકીકત નોંધેલી નહી તે સિવાય અમોએ તપાસના કામે કોઈ કાર્યવાહી કરેલી નહી કે બનાવ વિશે અમોને કોઈ જાતમાહીતી નથી.''

(૧૩) આમ, ફરીયાદપક્ષ તરફે ઉપરોકત તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું સંયુકત રીતે મુલ્યાંકન કરીએ તો, તેઓની સર–તપાસ દરમ્યાન જણાવ્યા મુજબ અકસ્માત કેવી રીતે થયેલો તેની તેઓનેખબર નથી. એસ.ટી.બસનો નંબર તેઓને ખબર નથી, એસ.ટી.ના ડ્રાઈવરને તેઓએ જોયેલ નથી કે તેઓ ઓળખી શકે નહીં. તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન એ હકીકત સ્વીકારેલ છે કે, અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓએ જોયેલ નથી. એ હકીકત સ્વીકારેલ છે કે, કહેવાતો બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહીં તેમજ અકસ્માત કરનાર એસ.ટી.ના બસના ચાલકને તેઓએ જોયેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, સદરહું ફરીયાદી તથા સાહેદોની સમગ્ર જુબાની લક્ષમાં લઈ સંયુકત રીતે મુલ્યાંકન કરતાં, હાલના કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાં સાંકળતો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૩.૧) વિશેષમાં સદરહું કામે આંક–૧૪ થી પોલીસ સાહેદ રાજેન્દ્રભાઈ દીતાભાઈ પાંડોરની સોગંદ ઉપરની જુબાનીનું મુલ્યાંકન કરીએ તો, તેઓની જુબાનીનું મૂલ્યાંકન ફરિયાદ પક્ષ તરફે રજૂ અન્ય પુરાવાઓનું મુલ્યાંકન લક્ષમાં લઈને કરવાનું રહે છે. તેઓએ સરતપાસ દરમિયાન ગુનો દાખલ કરી આગળની તપાસ એ.એસ.આઈ. બચુભાઈ નગીનભાઈને સોંપેલ હોવાનું જણાવી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવેલ છે, પરંતુ તેઓની બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ–તપાસ દરમ્યાન તેઓએ એ બાબત સ્વીકારેલ છે કે, તેઓએ ફરીયાદ સિવાય કોઈ હકીકત નોંધેલી નહીં તે સિવાય તેઓએ તપાસના કામે કોઈ કાર્યવાહી કરેલ નહીં કે બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી. અત્રે એ નોંધ લેવી ઘટે કે, જયારે સદરહું કામે ફરીયાદી તથા

અન્ય સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું કરવામાં આવેલ મુલ્યાંકન લક્ષમાં લેતાં, હાલના કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો જ્યારે રેકર્ડ પર આવેલ નથી, તેવા સંજોગોમાં સદરહું પોલીસ સાહેદની જુબાની અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૩.૨) વિશેષમાંફરીયાદ પક્ષ તરફે આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૧૮ થી સારવાર સર્ટિફીકેટ રજુ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, અકસ્માત થતા અકસ્માતમાં નગીનભાઈને ઈજા થયેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર કરેલ છે જેથી તે સંબંધે કોઈ તકરાર નથી પરંતુ માત્ર બનાવ બન્યો છે તે આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. બનાવ સમયે આરોપી જ પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું ફરીયાદપક્ષે રજુ કરેલ ઉપરોકત તમામ પુરાવાને ધ્યાને લેતાં રેકર્ડ ઉપર ફલિત થતું ન હોવાથી આરોપી ધ્વારા પોતાના કબજાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવું માની શકાય તેમ નથી અને શંકાસ્પદ જણાઈ આવે છે. આમ, હાલના કામના આરોપીની બેદરકારીના કારણે હાલનો અકસ્માત બનેલ હોવા અં ગે ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉભી થાય છે.

(૧૪) આમ, ફરિયાદ પક્ષ તરફે રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, હાલના કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ તરફે પુરવાર થયેલ ન હોય, તે સંજોગોમાં આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ અન્વયેના આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો સ્પષ્ટ અને સચોટ પુરાવો ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ પર આવેલ નથી.

(૧૫) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ હોય, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં

નિષ્ફળ જાય તો આરોપીને સજા કરી શકાય નહી. સદરહું કામે ફરીયાદ પક્ષ તરફે રજુ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કરવામાં આવેલ મુલ્યાંકન લક્ષમાં લેતાં, આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજુ કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આ સંજોગોમાં આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુના ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) સદરહું કામના આરોપી ભરતભાઈ પરસોત્તમભાઈ મકવાણા, રહે.ઈસરામા, ઈન્દિરા કોલોની, ખોડીયાર નગર આવાસ, તા.પેટલાદ, જી.આણંદ નાઓને ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહુ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૭ એ મુજબ અપીલ સમયગાળા માટે રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજરોજ તારીખ : ૦૭, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : આંકલાવ.**
**તા.૦૭/૦૭/૨૦૨૬**

**(એ.બી.સિંઘવી)**
**જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, આંકલાવ**
**જજ કોડ જી.જે.૦૧૫૮૬**

(M.M.Pathan)
Stenographer